ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*સરહદે આતંકીનો માર ખાય છે સેના,*
*ને ઘરમાં ગદ્દારોની ગાળ ખાય છે સેના!*
*થાય છે સેનાના હાલ, સૂડી વચ્ચે સોપારી*
*ભોગવે સત્તા ભાજપ, ભોગ થાય છે સેના...*
*(મુફતી-છછુંદર અટક્યું)*

હાઈકુ

*કરો કરાર,*
*ને બાંધો હેલીપેડ!*
*દોકલામમાં...*
*(કરાર કસબી હવે ચીન જશે!)*

*યૂંથો ઉકેડા!*
*ભંગારમાંથી પણ*
*ખરીદો સભ્યો!!*
*(કોંગ્રેસ મુક્ત 'ગુજરી' હજાર)*

### ચિંતન

**મલેચ્છાનામપિ સુવૃત્તં ગ્રાહ્મ્ ।**

**ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**મચેચ્છાનો પણ સદ્ગુણ અપનાવવો જોઈએ.**

**જોકે મલેચ્છોની ભાષા કયારેય ના અપનાવવી જોઈએ. પણ એમનામાં જો કોઈ સદ્ગુણ હોય એ ચોક્કસ અપનાવવો જોઈએ. મલેચ્છોમાં બે સદ્ગુણ અવશ્ય હોય છે. એક પરસ્પર એકતા અને બીજો, પોતાની સાચી વાત પર અડગ રહેવું. આથી, એ બે સદ્ગુણ ચોક્કસ અપનાવવા જોઈએ.**

**દરેક વ્યક્તિ, ઊંચ કે નીચ હોય પણ દરેકમાં ઈશ્વરે કોઈને કોઈ સદ્ગુણ મૂક્યો જ છે. સજ્જન લોકોએ તેની ભાષા કે સ્વભાવ જોયા વિના તેમાં રહેલા સદ્ગુણ ને પિછાણી તે અપનાવવો જોઈએ.**

### સુવિચાર

- અભિમાનની બારી ખોલી નાખો, પણ સ્વાભિમાનનો પડદો રાખો - **કૃષ્ણકાંત ઉનડકટ**
- ધર્મ એ જીવનની ઉન્નતિ માટેનું સાધન પણ છે અને સાધ્ય પણ છે - **અમૃતબિંદુ**
- મન ઠેકાણે હોય તો અવસર ફુલો જેવા લાગે,
  મન ઠેકામે હોય નહિં તો પથ્થર પેઠે લાગે - **એસ. ભટ્ટાચાર્ય**
- જીવનની કેટલીક પળોમાં આપણે પ્રેક્ષક જેવા બની જઈએ છીએ - **અરબી કહેવત**
- રેતી પર નામ લખો કે જળ કે પવન પર નામ લખો,
  છેવટ તો કાળ નામ પરથી જ રાખ ભભરાવાનો છે - **સુરેશ દલાલ**
- જિંદગીમાં કોઈ ને કોઈ મોડ ઉપર જેમ ખોટા સિક્કા હાથમાં આવી પડે છે, તેમ ખોટા માણસો ભટકાય તેવું બને છે, તેથી માણસની સારમાં શ્રદ્ધા ખોવી નહિં - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- આજનું ઔષધ : ઊંટકંરોના મૂળ ગરમ પાણીમાં ઉકાળી પ્રસૂતાને પીવડાવવાથી શીઘ્ર પ્રસવ થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એકરાજા પર તેના પાડોશી રાજાએ આક્રમણ કર્યું. યુદ્ધમાં આ રાજાનો પરાજય થયો. જીવ બચાવવા જંગલમાં સંતાવું પડ્યું. જંગલમાં છાતીફાટ રૂદન કરતાં રાજાના ગળાનું માદળિયું તૂટી ગયું. જે માદળિયામાંથી એક કાગળ નિકળ્યો. કાગળમાં લખ્યું હતું, 'યે દિન ભી ચલા જાયેગા' આ વાંચી રાજાને હિંમત આવી. એણે ફરી સૈન્ય ભેગું કરી લશ્કર તૈયાર કર્યું, અને પોતાનું હારી ગયેલું રાજય પાછું મેળવ્યું.

થોડા દિવસો પછી રાજા ભોગવિલાસમાં પડી ગયો. પ્રજા પ્રત્યે પણ બેદરકાર રહેવા લાગ્યો. રાજાનો એક વિશ્વાસુ મંત્રીને થયું કે આ વ્યાજબી નથી. તેણે રાજાને પૂછ્યું કે આપ તો લડાઈમાં હારી ગયા હતાં, તો એવું તો શું બન્યું કે આપે રાજય પાછું મેળવ્યું ? રાજાએ વાત કરી, 'માદળિયામાં લખેલ સૂત્ર 'યે દિન ભી ચલા જાયેગા' વાક્યે મને હિંમત, જુસ્સો અને શક્તિ પાછા આપ્યા હતા.' મંત્રીએ તરત કહ્યું, 'હે રાજન અવિનય માફ કરજો, પરંતુ 'યે દિન ભી ચલા જાયેગા' અત્યારે તમે ભોગવિલાસમાં પડ્યા છો તો આ દિવસો કયારે ચાલ્યા જશે અને દુ:ખના દિવસો કયારે આવશે તેની કોઈને ખબર નથી.'

# મૂર્તિ તોડવાની વિચારધારા ચિંતાજનક છે

**તંત્રીસ્થાનેથી...**

ત્રિપુરામાં ભગવો લહેરાવ્યાની ખુશીમાં ઉત્સાહી કાર્યકરોએ સામ્યવાદના પ્રણેતા ગણાતા વ્હાદીમીર લેનિનની પ્રતિમા ધરાશાયી કરીને એમની હિંસક મનોદશા જ વ્યકત કરી છે. માર્કસવાદી સામ્યવાદી પાર્ટીએ પશ્ચિમ બંગાળ અને તે પછી ત્રિપુરામાં એનું વજૂદ ગુમાવ્યું છે તે તો એક કાળક્રમનું પરિણામ છે. પરંતુ પોતે વિજેતાના મદમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો જો લેનિન જેવી વિશ્વવિભૂતિની ભારતમાં સ્થાપિત કરવામાં આવેલી પ્રતિભા જમીનદોસ્ત કરી શકયા હોય તો આવતીકાલે વિદેશની ધરતી ઉપર પ્રતિષ્ઠિત ભારતીય નેતાઓની પ્રતિમાઓની સલામતીનો પ્રશ્ન પણ ઊભો થઈ શકે છે. આપણાં ઉપનિષદ તો આપણને જયાંથી પણ ઉત્તમ વિચારો પ્રાપ્ત થતા હોય એ સ્વીકારી લેવાની ભલામણ કરે છે. જરૂરી નથી કે આપણે જેને માનતા હોઈએ એને જ આખી દુનિયા પૂજે. બૂતપરસ્તીના કટ્ટર વિરોધને કારણે બામિયાનની ઐતિહાસિક ધરોહર સમી બુદ્ધની પ્રતિમાઓ અને શિલ્પો ખંડીત થયા એથી એ કટ્ટરવાદી ઈસ્લામિક મુલ્લાંઓ નફરતનું જ પાત્ર બન્યા છે. ભારતમાં આવી શાસનનાં સૂત્રો હસ્તગત કરનારા અલાઉદ્દીન ખિલજી કે બખ્તિયાર ખીલજીને લોકો આદરની નજરે ન જુએ. નાલંદા યુનિવર્સિટીનો નાશ કરવાની બૌદ્ધ ફિલસૂફી કે ભારતીય કડવી યાદ જરૂરી રહી ગઈ છે. એવા ક્રૂર શાસકોના પાપે બિચારા ગરીબ મુસલમાનોને સહન કરવું પડે છે. ભાજપ તો પોતાને ભારતીય સંસ્કૃતિનો પ્રતિનિધિ રાજકીય પક્ષ માને છે. ભાજપના કાર્યકર્તાઓને શીખવવું જોઈએ કે આપણી સંસ્કૃતિ સમન્વયવાદી છે. એમાં વિરોધી વિચાર ધરાવતા માણસનો પણ સ્વીકાર કરવાની વાત છે. ચાર્વાક તો તદ્દન નાસ્તિક હતો. આપણી સંસ્કૃતિએ એને પણ ઋષિનો દરજ્જો આપેલો છે. અહીં શૈવ સંસ્કૃતિ છે, વૈષ્ણવ સંસ્કૃતિ છે; શક્તિપૂજકો છે અને બુદ્ધ - મહાવીર તથા નાનક-કબીર અને રૈદાસમાં માનનારા પણ છે. આપણે મુસ્લિમ ફકીર સાંઈબાબાને પણ ભગવાનનો દરજ્જો આપનારી પ્રજા છીએ. લેનિનના પૂતળાને રશિયામાં જ નહીં, વિશ્વના પ્રત્યેક દેશમાં એટલું જ સમ્માન મળવું જોઈએ જેટલું મહાત્મા ગાંધીને ભારત અને ભારત સિવાયના દેશોમાં મળે છે. આટલી ઉદારતા નહીં દાખવીએ તો આપણામાં અને કટ્ટરવાદી મુલ્લાંઓ વચ્ચે કોઈ જ ફરક નહીં રહે. સુબ્રમણ્યમ સ્વામીએ લેનિનને વિદેશી અને આતંકવાદી કહી એમની સંકુચિતતાનો જ પરિચય આપ્યો છે. તો શું ભવિષ્યમાં વિદેશ ખાતે કોઈ જગ્યાએ અટલજી કે દીનદયાળ ઉપાધ્યાયની પ્રતિમા મુકાય એવી અપેક્ષા રાખી શકશો ખરા ? લેનિનાનો રશિયાનો ઝારશાહીના ત્રાસમાંથી મુક્તિ અપાવી હતી. તે રશિયન પ્રજાનો મુક્તિદાતા હતો. એને તમે ત્રાસવાદી કહી કેવો સંદેશ આપવા માગો છો ? દક્ષિણ ભારતમાં લોકો રામને બદલે રાવણને પૂજતા હોય, પેરિયારની પ્રતિમાઓ મૂકતા હોય તો તે એમનો અધિકાર છે. દલિતો માટે આંબેડકર મસિહા છે. કોંગ્રેસ માટે પંડિત નહેરુ, ઈંદિરા ગાંધી કે રાજીવ ગાંધી એમના આદરણીય નેતા છે. શું ભાજપના કાર્યકરો એમની વિચારધારા સાથે સંમત નહીં થનાર આ બધાની પ્રતિમાઓને પણ જમીનદોસ્ત કરશે ? એવું જ કરશે તો દેશમાં કેવી અરાજકતા સરજાશે એની કલ્પના કરી છે ?

# આપણે અન્ન ભગવાનને કેમ અર્પણ કરીએ છીએ



**રંગ-ઉમંગ**
**કાનન ઓઝા**

પશ્ચિમના દેશોમાં લોકો જયારે જમવાનું શરુ કરે તે પહેલા પ્રભુનો આભાર માનવાની નાનકડી વિધિ કરતાં હોય છે. સહેજ વાર આંખો બંધ કરી. હવે પછી તેઓને મળનારા ભોજન માટે 'હે ઈશ્વર, આ તારી કૃપા છે.' તેમ મનોમન બોલી પછી જ ભોજન આરોગવાનું શરુ કરે છે.

આપણે ત્યાં રસોઈઘરમાં ભોજન તૈયાર થઈ જાય એટલે થાળમાં દરેક વાનગીનો થોડો થોડો અંશ મૂકીને થાળ પ્રભુના પૂજાખંડમાં લઈ જઈ તેમને ધરાવવામાં આવે છે. તે પછી તે ધરાવેલું ભોજન બાકીની રસોઈમાં ભેળવી દઈ પછી જ બધાને પીરસવામાં આવે છે. કયારેક વ્યક્તિ બહાર ગઈ હોય અને બહાર જ ભોજન લેવાનો પ્રસંગ ઊભો થાય તો તે વ્યક્તિ ભોજન લેવાનું શરુ કરતાં પહેલાં એક નાનકડાં કોળિયા જેટલું અન્ન થાળી ફરતે થાળીની બાજુમાં જમીન પર મૂકીને પછી જ ભોજન લેવાનું શરુ કરે છે. આ વિધિ પણ ભગવાનને અન્ન ધરાવવા સમાન જ ગણવામાં આવે છે.

ભારતીય પરંપરા આમ કરવા પાછળનો હતુ. પરમેશ્વરની શક્તિઓને આદરપૂર્વક ઉપકાર માનવાનો છે. પરમેશઅવર સર્વશક્તિમાન સર્વજ્ઞ અને સર્વવ્યાપી છે. આખી સૃષ્ટિમાં તેઓ જ એક એવા અદશ્ય છતાંય સર્વવ્યાપી સ્વરુપ છે, જેમના થકી આપણને ઠંડી, તડકો અને વરસાદ મળે છે. જમીનમાંથી ધન ધાન્ય અને ફળફળાદિ મળે છે, આપણે મહેનત કરી ને જે કાંઈ મેળવીએ છીએ. તે બધું જ તેમની દેણ છે. તેથી આપણા જીવનનો ટકાવી રાખનાર અન્નનો આરોગતા પહેલા આપણે એ પરમતત્ત્વનો આભાર માની 'પ્રભુ' તારું જ છે તે તને અર્પણ કરીએ પછી હું તેનો આહાર કરીશ'. તેમ બોલીએ છીએ.



આટલી નાનકડી ક્રિયા કરવાથી આપણને અન્ન અને જમવાની ક્રિયા તરફનો સમગ્ર દૃષ્ટિકોણ સ્વાભાવિક રીતે જ શુદ્ધ અને સાત્ત્વિક હોય એટલે આપણે પણ તેવું જ શુદ્ધ અને સાત્ત્વિક ભોજન ખાતા થઈએ છીએ. જેની આપણા મન અને શરીર ઉપર સારી ઉસર પડે છે.

કેટલાંક લોકો જમતાં પહેલાં થાળી પાસે પાંચ કોળિયા મૂક્યા પછી જ જમવાનું શરુ કરે છે.

તેમના ઋણને સ્વીકારી આભાર માનવાનો છે. આ પાંચ તત્ત્વ આ પ્રકારે છે.

૧. દેવ ઋણ : જેમાં સૂર્ય, ચંદ્ર વગેરેનો સમાવેશ થાય છે.

૨. પિતૃ ઋણ : પૂર્વજોનાં વારસા તથા કુટુંબના સંસ્કારનો સમાવેશ થાય છે.

૩. ઋષિ ઋણ : પેઢીઓ સુધી આપણા ધર્મ અને સંસ્કૃતિનું જનત કરવા માટે ગુરુજનોનું ઋણ.

૪. મનુષ્ય ઋણ : સમાજના બધા સાથી બાંધવોના સહકાર બદલ તેઓનું ઋણ.

૫. ભૂત ઋણ : મનુષ્ય સિવાય અન્ય જીવો કે આપણી સેવા કરે છે. તેમના પ્રત્યેનું ઋણ.

આમ, પાંચેય ઋણ અદા કર્યા પછી ભોજન કરવાથી આપણે સંતોષ સાથે અન્ન આરોગી શકીએ છીએ.

વૈજ્ઞાનિક દૃષ્ટિએ જોઈએ તો ભોજન શરુ કરતાં પહેલાં શરીર ને થોડો સમય આરામ આપવાની જરૂર હોય છે. કામ પતાવી ઝડપથી ખાનાર વ્યક્તિને ભોજન બરાબર પચતું નથી. અન્ન, શક્તિ દાતા તત્ત્વ છે. તેને શાંતિથી, સ્વચ્છ ચિત્તે આરોગવું જોઈએ આથી ભોજન પહેલાં થોડો સમય શાંતિનો મેળવવા માટે પરંપરાનું સર્જન આપણા પૂર્વજોએ કર્યું હશે.

# મહાગુજરાત જનતા પરિષદના મહામંત્રી કોણ હતા ?

### મહાગુજરાત આંદોલન

૧ ભાષાવાર પ્રાંત રચના ઉચિત નહી હોવાની વાત કોણે કરી હતી?
(અ) દાર કમિશન (બ) જેવીપી સમિતિ
(ક) ફઝલ અલી પંચ (ડ) મહાગુજરાત પરિષધ

૨ 'સીસક રહી ગાંધી કી ધરતી, બિગડ ગઈ જબ બાત' કવિ પ્રદીપના ગીતની શરુઆતથી કોની સભાની શરુઆત થઈ હતી?
(અ) જવાહરલાલ નહેરુની (બ) ઈન્દુલાલ યાજ્ઞિકની
(ક) હરિહર ખંભોળજાની (ડ) બ્રહ્મકુમાર ભટ્ટની

૩ મહાગુજરાત જનતા પરિષદની સ્થઆપના કયારે કરવામાં આવી હતી?
(અ) ૨૯ ડિસે. ૧૯૫૩ (બ) ૨ ઑકટો. ૧૯૫૬
(ક) ૯ સપ્ટે. ૧૯૫૬ (ડ) ૧૪ એપ્રિલ ૧૯૫૬

૪ મહાગુજરાત જનતા પરિષદના મહામંત્રી કોણ હતા ?
(અ) હરિહર ખંભોળજા (બ) બ્રહ્મકુમાર બટ્ટ
(ક) સુરેશ જયશંકર ભટ્ટ (ડ) ડી. જી. દારાસ્વામી

૫ મહાગુજરાતના આંદોલન સમયે વિદ્યાર્થીઓ પર ગોળીબારનો આદેશ કરનાર મિરાન્ડા કોણ હતા ?
(અ) ડીજીપી (બ) એસ.પી.
(ક) ડી.એસ.પી. (ડ) પી.આઈ.

૬ મહાગુજરાત લડત સમિટિના બેન્ક એકાઉન્ટનો વહીવટ કોણ સંભાળતું હતું ?
(અ) યશપાલ પરીખ (બ) પૂનમચંદ
(ક) કૌશિક વ્યાસ (ડ) શેઠ રતિલાલ ખુશાલદાસ

૭ મહાગુજરાત આંદોલનમાં કયા ગુજરાતી સાહિત્યકારે મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી ?
(અ) મહેન્દ્ર દેસાઈ (બ) જયંતિ દલાલ
(ક) ઈશ્વર પેટલીકર (ડ) ઠાકોરભાઈ દેસાઈ

૮ સંયુક્ત મહારાષ્ટ્ર સમિતિ અને મહાગુજરાત જનતા પરિષદ વચ્ચેના પુના કરારનો વિરોધ કોણે કર્યો હતો ?
(અ) સર પુરુષોત્તમ દાસ (બ) મોહનમિત્રા
(ક) મોરારજી દેસાઈ (ડ) હિતેન્દ્ર દેસાઈ

૯ દ્વિભાષી રાજયને કયારે માન્યતા આપવામાં આવી?
(અ) ૭ સ્પ્ટેમ્બર ૧૯૫૬ (બ) ૭ ઓગસ્ટ ૧૯૫૬
(ક) ૧ નવેમ્બર ૧૯૫૬ (ડ) ૭ નવેમ્બર ૧૯૫૬

૧૦ મહાગુજરાત આંદોલનની વિરુદ્ધમાં ઉપવાસ પર ઉતરેલા મોરારજી દેસાઈને કોણે પારણાં કરાવ્યાં હતા ?
(અ) ચીનુભાઈએ (બ) હિતેન્દ્ર દેસાઈએ
(ક) અમૃતલાલ હરગોવનદાસે (ડ) જી.આઈ. પટેલે

૧૧ ૧૯૫૬માં મોરારજી દેસાઈએ જાહેર કરેલ ત્રણ રાજયોની યોજનામાં કયા રાજયનો સમાવેશ ન હતો ?
(અ) મુંબઈ (બ) ગુજરાત
(ક) સૌરાષ્ટ્ર (ડ) મહારાષ્ટ્ર

૧૨ ડાંગની ભાષા મરાઠી છે તેવી જાહેરાત કોણે કરી હતી ?
(અ) મોરારજી દેસાઈએ (બ) દિનકર મહેતાએ
(ક) વામનરાવ ધોળકિયા (ડ) પ્રબોધ રાવળ

૧૩ મહાગુજરાત આંદોલનમાં લાલ બાલ પાલ જેમ ગણાતી ત્રિપુટીમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?
(અ) કરસનદાસ (બ) જયંતિ દલાલ
(ક) બ્રહ્મકુમાર (ડ) સનત મહેતા

૧૪ મહાગુજરાત પરિષદની રચનામાં વલ્લભવિદ્યાનગરના કયા કેળવણીકારે મહત્ત્વની ભૂમિકા અદા કરી હતી ?
(અ) હિંમતલાલ શુક્લ (બ) ભાઈલાલ પટેલ
(ક) ઝવેરભાઈ પટેલ (ડ) વિઠ્ઠલભાઈ પટેલ

૧૫ મહાગુજરાત પરિષદના પ્રમુખ કોણ હતા ?
(અ) ઈન્દુલાલ યાજ્ઞિક (બ) દિનકર મહેતા
(ક) હરિહર ખંભોળજા (ડ) હિંમતલાલ શુક્લા

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા મહાનુભાવોના જન્મ દિવસ**

- **૯ માર્ચ ૧૮૩૬ : નવલરામ પંડ્યા :** સાહિત્ય સર્જનનો નવો ચીલો ચાતરનાર સાહિત્યકાર. સુરતનાં જન્મ. મેટ્રીકનો અભ્યાસ કર્યા પહેલાં શિક્ષકની નોકરી સ્વીકારી. વધુ અભ્યાસ કરી અમદાવાદ અને રાજકોટની ટ્રેનીંગ સેન્ટરમાં આચાર્ય બન્યા. ગ્રંથ વિવેચનની શરુઆત. 'કરણઘેલા'થી કરી. પ્રકૃતિ, દેશપ્રેમ અને સ્ત્રી સુધારણા પર કાવ્યો લખ્યા. ૧૮૮૫માં અવસાન થયું.
- **૧૦ માર્ચ ૧૯૩૨ : યુ.આર. રાવ :** ભૌતિકશાસ્ત્રના તજજ્ઞ, સ્પેસ સાયન્સ પર કામ કરતી ભારતની જાણીતી સંસ્થા ઈસરોના ડાયરેકટર ઘણા વર્ષો સુધી રહ્યા. ડૉ. વિક્રમ સારાભાઈના માર્ગદર્શન નીચે કામગીરી કરેલી. તેમના નેતૃત્વમાં પી.એસ.એલ.વી. રોકેટનો સફળ કાર્યક્રમ પાર પાડ્યો. ગયા વર્ષે ૨૦૧૭માં મૃત્યુ પામ્યા.
- **૧૧ માર્ચ : સયાજીરાવ ગાયકવાડ :** વડોદરાના જાણીતા રાજવી મહારાષ્ટ્રના કલાણા ગામમાં જન્મેલા. વડોદરાને સુશોભિત સંસ્કારી અને શિક્ષણમય નગર બનાવ્યું. ભારતમાં પ્રથમવાર ફરજિયાત અને મફત પ્રા. શિક્ષણ શરુ કરનાર. સમાજ સુધારણા માટે ક્રાંતિકારી કાયદા કર્યા. ૧૯૩૯માં અવસાન પામ્યા.
- **૧૨ માર્ચ ૧૯૦૭ : કનુભાઈ દેસાઈ :** ગુજરાતમાં કલા શબ્દનો પર્યાય એટલે કનુભાઈ. અમદાવાદમાં જન્મ. કલાગુરુ રવિશંકર રાવળ પાસે ચિત્રકલાની તાલીમ લીધી. રવિન્દ્રનાથ ઠાગોરની નિશ્રામાં શાંતિનિકેતનમાં કામ કરવાની તક મળી. તેમના ત્રીસ જેટલા આલ્બમ પ્રગટ થયા. 'ભરત મિલાપ', 'રામ રાજય', 'જનક જનક પાયલ બાજે' જેવી સફળ ફિલ્મોમાં કલા નિદર્શન કર્યું. ૧૯૮૦માં અવસાન પામ્યા.
- **૧૪ માર્ચ ૧૮૭૯ : આલ્બર્ટ આઈન્સ્ટાઈન :** જર્મનીનાં જન્મ થયો. પદાર્થ વિજ્ઞાન અને ગણિતનું શિક્ષણ મેળવ્યું. ૨૬ વર્ષની વયે સાપેક્ષવાદ પર લેખ લખ્યા. 'ફોટો ઈલેકટ્રીક અસર' ની શોધ માટે તથા ઉર્જા અને હવામાન વચ્ચેના સંબંધની થિયરી માટે નોબલ પારિતોષિક મેળવ્યું. ૧૯૫૫માં અવસાન પામ્યા.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**તાજેતરમાં સીબીઆઈ દ્વારા જેમની ધરપકડ થઈ તે પી. ચિદંબરમ્‌ના પુત્રનું નામ શું છે ?**

**જવાબ : કાર્તિ પી. ચિદંબરમ્**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો



**ખજાનો**
**અનિલ પટેલ**

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૨) નટુભાઈ દરજી : પેથાપુર
(૩) મૂળજીભાઈ પરમાર 'દધિ' :
(૪) જયેન્દ્રપ્રસાદ પાઠક - સે-૬
(૫) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪
(૬) શૈલેષ ઝેડ પટેલ : ધોળેશ્વર પાસે
(૭) વિકી મકવાણા : સે-૨૪
(૮) જીતેન્દ્ર ઠાકોર : શિહોલી મોટી

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**કમ્યુનિસ્ટ પાર્ટીના કયા નેતા કે જેમણે સાદગીપૂર્ણ રીતે લાંબા સમયગાળા સુધી ત્રિપુરામાં શાસન કર્યું ?**

**'ગાંધીનગર સમાચાર'-**
**ખજાનો વિભાગ,**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# ભક્તિ, સેવા, શ્રદ્ધાનું સંગમ એટલે વિશ્વ મૈત્રીધામ જૈન તીર્થ - બોરીજ

**ધર્મદર્શન**
**પૃથ્વીશાહ**

આચાર્ય પદ્મસાગરજી મહારાજના અનન્ય ભક્ત મુકેશભાઈ નવિનચંદ્ર જગાભાઈ શાહ પરિવાર બોરીજ જૈન તીર્થ તેની નામના ચારે દિશામાં ફેલાવતું રહે એ રીતે વિકસાવવા આગળ આવ્યું.

દેશના જાણીતા સ્થપતિ ચંદુભાઈ ત્રિવેદીએ ૧૯૯૭માં પ્રારંભમાં ભવ્ય દેરાસરના નકશાને કાગળ ઉપર કંડાર્યો. જૂન ૧૯૯૭માં શિલાન્યાસ થયું. આ જૈન દેરાસરના નિર્માણ કાર્યમાં શાંતિલાલ સોમપુરાના નેજા નીચે ૬૦૦ જેટલા શિલ્પીઓ જોડાયા. એક - એક પાષાણને સુંદર કારીગરીપૂર્વક ઘડીને જોડ્યા.



બોરીજનું આ વિશ્વમૈત્રીધામ તીર્થ બે મજલાનું અને ૧૦૮ ફુટ ઊંચું છે. તેની લંબાઈ ૨૪૫ ફૂટ અને પહોળાઈ ૨૦૧ ફુટ છે. તેનું રંગમંડપ ૫૧ બાય ૫૧ ફુટ છે. તેના ધ્વજાદંડની ઊંચાઈ ૨૧ ફુટ છે. બંસી પહાડપુરના એક સરખા આછા ગુલાબી સવા લાખ ઘનફુટ અને શ્વેત આરસના સવા લાખ ચો. ફુટ પથ્થરોની પ્રભા ફેલાવે છે. રંગમંડપમાં ૨૭ બાય ૨૭ ફુટના ઝુમ્મરમાં ઝળહળતા ૧૬૨ દીવાની જયોતમાં થતા પરમાત્મના દર્શન અલૌકિક જણાય છે. દેરાસરમાં ઉપરના માળે આ જમીનમાંથી પ્રાપ્ત થયેલ મૂળ પ્રતિમાઓને બિરાજમાન કરાયેલ છે. આ તીર્થ ખાતે ૨૦૦૩ના પ્રારંભમાં આચાર્ય કલ્યાણ સાગરજી અને આચાર્ય પદ્મસાગરજીની નિશ્રામાં જીનાલયની પ્રતિષ્ઠા સંપન્ન થઈ છે. દર વરસે મહાસુદ છઠ્ઠના દિવસે ધ્વજારોહણ કાર્યક્રમ સંપૂર્ણ ભક્તિભાવપૂર્વક સંપન્ન થાય છે. નવરાત્રીના પાંચમના દિવસે માણિભદ્રવીરનું હવન અને આઠમના પદ્માવતી માતાનું પૂજન મુખ્ય અવસર ગણાય છે.

બોરીજ જૈન તીર્થ ખાતે દેશના અન્ય એક પ્રાચીન તીર્થનું પણ પુનઃ નિર્માણ સંપન્ન થયેલ છે. બંગાળના મુર્શિદાબાદ - મહિમાપુરની ધરતી પર ૧૮માં સૈકાના જગતશેઠ તરીકે વિખ્યાત હીરાના વ્યાપારી મણેકચંદ્રજી પરિવારે દુર્લભ કસોટી રત્ન મંદિરનું સર્જન કર્યું હતું. તેમનું કુટુંબ આચાર્ય પદ્મસાગરજીનું શિષ્યવૃંદ. મહારાજના પ્રયત્ન અને પ્રેરણાથી એ મૂળ કસોટી મંદિર અને પ્રતિમાજીઓ બોરીજ તીર્થ ખાતે પુનઃ પ્રતિષ્ઠા પામેલ છે. રાજસ્થાન અને ઓરિસ્સાના કારીગરોએ આ ભગીરથ કાર્યમાં સેવા આપેલ. આ કસોટી મંદિરની અંદર જ મહાન સંત બુદ્ધિસાગર મહારાજની મૂર્તિ ઉપરાંત ઘંટાકર્ણદાદા, નાકોડા, ભૈરવનાથદાદા, ક્ષેત્રપાલ દાદા વગેરે મૂર્તિઓ સ્થાપિત થયેલ છે. આ તીર્થના પ્રાંગણમાં પદ્માવતી દેવી અને માણિભદ્રવીરની અલગ દેરીઓ છે.

વિશ્વ મૈત્રીધામ બોરીજ તીર્થના પ્રાંગણમાં જ ત્રીજુ દેરાસર શ્રૃત સમવસરણ નામથી સ્થાપિત થયેલ છે. જયાં ચૌમુખી આદેશ્વર ભગવાન ઉપરાંત અંબિકા દેવી, લક્ષ્મીદેવી, ઓશિયામાતા અને ચક્રેશ્વરી માતાજીની મૂર્તિઓ સ્થાપિત થયેલ છે. દરરોજ તમામ દેરાસરમાં આરતી વગેરે થાય છે. બોરીજ તીર્થ ખાતે સાધુ-સાધ્વીજીઓ માટે ઉપાશ્રયની સવલત પણ છે.

મૂળ અમદાવાદ રાજનગરના રહેવાસી અને ઉદ્યોગોના વિકાસ માટે મુંબઈ સ્થાયી થયેલ મુકેશભાઈ નવિનચંદ્ર જગાભાઈ પરિવારે આ સ્થળે મંદિર - યાત્રિકભવન - ભોજનશાળા નિર્માણ કરી તેમની કર્મભૂમિ મુંબઈ હોવા છતાં દરિયાદિલીથી અનેક લોકો માટે વાગોળવા સ્મૃતિનો ખજાનો આપ્યો છે. અહિં સ્થાનિક લોકો ઉપરાંત દૂર-દૂરથી યાત્રિકો આવી ભોજનશાળા અને યાત્રિકભવનની સેવાઓ લાભ લે છે. પરિણામે હાથવેંતમાં અનેક માટે સુખનું નિર્માણ થયું છે. છતાં એક બાબત નોંધવાનું મન થાય છે કે વિશ્વમૈત્રી ધામમાં આવતા તમામ ધર્મના યાત્રિકો માટે ભોજનના સમાનદર લેવામાં આવે તો વિશ્વમૈત્રીધામ નામ વધુ સાર્થક થશે.

પાટનગર ગાંધીનગરના વિખ્યાત અક્ષરધામ મંદિરથી એકદન નજીક આવેલ આ તીર્થની યાદો અને સેવાઓ અનેક યાત્રાળુના શ્વાસમાં વણાઈ ગઈ છે. સેંકડો હૃદયને શાતા આપે છે. આ તીર્થમાં હાલ મેનેજરપદે હર્ષદભાઈ રાવલ સેવાઓ આપે છે અને સંકુલના વિકાસ માટે પ્રયત્નશીલ છે. રસોડામાં દેખરેખ રાખતા રાકેશભાઈ શાહ તેમના મૃદુ સ્વભાવથી ચાહના મેળવી રહ્યા છે. વિશ્વમૈત્રીધામ બોરીજ તીર્થ હાળ ગાંધીનગરના આંગણાની શોભા વધારી રહ્યું છે.